।। ઓ૩મ ।।

ભારતવાસીઓ, આંખો ખોલો, વાંચો વિચારો

સતપંથ એ વેદધર્મ નથી મુસલમાની મત છે

પાદરા, વડોદરા સતીયા કેસનો ચુકાદો જણાવે છે કે તે વેદમત નથી, મુસલમાની મત છે.

ગુજરાતી શબ્દકોશ કહે છેઃ સતપંથ એ ખોજા મુસલમાનોનો એક પંથ છે.

જગતગુરુ શંકરાચાર્યજી મહારાજે પણ સતપંથને અવેદિક મત કહ્યો છે.

સતપંથ પૂજા યજ્ઞ વિધિ : ઘટપાટ વિધિ નામની ચોપડી સુરતના સતપંથ મંડળે બહાર પાડી છે. સતપંથને છોડી દીધેલા એક ભાઈએ એ ચોપડી અમને જોવા મોકલી છે, અને અમારો અભિપ્રાય માગ્યો છે. આખી ચોપડી અમે જોઇ ગયા છીયે. તેમાં લખ્યું છે કે, ૫૭૭ વર્ષથી સતપંથ ચાલે છે, ત્યારે આવા પંથને સનાતન ધર્મ કહી કેમ શકાય ?

આ ચોપડીમાં દરેક વિધિમાં શરૂઆતમાં "ઓમ્ પ્રણામજી, સદ્દગુરુ પ્રાતર્બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ, આદ્ય વિષ્ણુ, નિરંજન, નકલંકી નારાયણ તમારી આશિષો" એ વાકયથી શરૂઆત કરી છે, અને છેલ્લે દરેક ઠેકાણે જુદાં જુદાં વિશેષણો વાપરી તેત્રીસ કરોડ દેવતા, અનંત કરોડના તારણહાર સદ્દગુરુ, ઇમામશાહ, ઓમ્ શ્રી નકલંકી નારાયણને નમો નમઃ એમ લખી ક્રિયા પૂરી કરી છે. ઘણી વિધિઓ ઉપર અથર્વવેદના મંત્રો બાળબોધ લિપિમાં ઉતાર્યા છેઃ અને મથાળે ઓમ્ લખ્યું છે. ૨૭મે પાને

॥ ઓ૩મ ॥

ભારતવાસીઓ, આંખો ખોલો, વાંચો વિચારો

સતપંથ એ વેદધર્મ નથી મુસલમાની મત છે

પાદરા, વડોદરા સતીયા કેસનો ચુકાદો જણાવે છે કે તે વેદમત નથી, મુસલમાની મત છે.

ગુજરાતી શબ્દકોશ કહે છેઃ સતપંથ એ ખોજા મુસલમાનોનો એક પંથ છે.

જગતગુરુ શંકરાચાર્યજી મહારાજે પણ સતપંથને અવૈદિક મત કહ્યો છે.

સતપંથ પૂજા યજ્ઞ વિધિ : ઘટપાટ વિધિ નામની ચોપડી સુરતના સતપંથ મંડળે બહાર પાડી છે. સતપંથને છોડી દીધેલા એક ભાઇએ એ ચોપડી અમને જોવા મોકલી છે, અને અમારો અભિપ્રાય માગ્યો છે. આખી ચોપડી અમે જોઇ ગયા છીયે. તેમાં લખ્યું છે કે, ૫૭૭ વર્ષથી સતપંથ ચાલે છે, ત્યારે આવા પંથને સનાતન ધર્મ કહી કેમ શકાય ?

આ ચોપડીમાં દરેક વિધિમાં શરૂઆતમાં "ઓમ્ પ્રણામજી, સદ્દગુરુ પ્રાતર્બ્રહ્મા ઇન્દ્ર ઇમામશાહ, આદ્ય વિષ્ણુ, નિરંજન, નકલંકી નારાયણ તમારી આશિષો" એ વાકયથી શરૂઆત કરી છે, અને છેલ્લે દરેક ઠેકાણે જુદાં જુદાં વિશેષણો વાપરી તેત્રીસ કરોડ દેવતા, અનંત કરોડના તારણહાર સદ્દગુરુ, ઇમામશાહ, ઓમ્ શ્રી નકલંકી નારાયણને નમો નમઃ એમ લખી ક્રિયા પૂરી કરી છે. ઘણી વિધિઓ ઉપર અથર્વવેદના મંત્રો બાળબોધ લિપિમાં ઉતાર્યા છેઃ અને મથાળે ઓમ્ લખ્યું છે. ૨૭મે સ્થાને

ગાયત્રીના ૮ મંત્રો લખ્યા છે, પણ તે ગાયત્રી નથી. આ ચોપડી ઇમામશાહની પૂજા, ભક્તિ અને આશિષ માગે છે. ઈમામશાહના રચેલા પદો ઉતાર્યા છે. વેદોના ૪ પુસ્તકો અમારી પાસે છે તેમાં અથર્વવેદમાં તો સતપંથનું ક્યાંયે નામોનિશાન નથી. ઈમામશાહે અનેક પદોમાં વેદ તે કુરાન છે. એમ જણાવેલું છે. ખુદ ઈમામશાહ પોતે જ જણાવે છે કે વેદ એ કુરાન છે. ત્યારે તેને સનાતન હિંદુ ધર્મ કેમ કહેવાય ?

ગુજરાતી જોડણી કોશ, પ્રકાશક : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ પાંચમી આવૃત્તિ પાન ૮૧૫ પર સતપંથ વિશે નીચે પ્રમાણે નોંધ છે:

ખોજા મુસલમાનોનો એક પંથ. એટલે સતપંથ મુસલમાની પંથ છે એ વિષે વિશેષ કંઈ શંકા રહેતી નથી.

Refernce of Court Case No. 569 in the year 1929/30 Matia Case Resolution No 209 date 29-Jan-1932 in the court of Padra Mahal Court of Vadodara State

સતપંથ વિષે વડોદરા રાજ્યના પાદરા મહાલ ન્યાયાધિશીમાં ગુ. મુ. નં. ૫૬૯ સને ૧૯૨૯/૩૦ના મતીયા કેસનો ઠરાવ નંબર ૨૦૯ તા. ૨૯-૧-૧૯૩૨નો થયેલો છે. તે કેસ ઘણો લાંબો ચાલ્યો હતો તેમાં સેંકડો સાબિતીઓ, પુરાવા, જુબાનીઓ થઈ હતી. એમાંથી નીચેનું અવતરણ ઉતારીએ છીએ.

પીરાણાની ગાદી સ્થાપનાર ઈમામશાહ ઇરાન તરફના સૈયદ હતા. તેમને તેમના અનુયાયીઓ નકલંકી અવતાર તરીકે માને છે,... ઈમામશાહે પ્રચાર કરેલા ધર્મનું પુસ્તક તેમણે બનાવેલી શિક્ષાપત્રી છે, જેમાં કુરાનને મૂકવામાં આવે છે. પીરાણામાં ઇમામશાહની કબર પાસે કુરાન મૂકવામાં આવેલું છે. અને તેની પૂજા થાય છે. ઈમામશાહે હિંદુઓના કેટલાક અવતા[r] પણ સ્વીકારેલા છે પણ તે ઉપરથી ધાર્મિક રહસ્ય એ પ્રાપ્ત થાય છે કે હિંદુઓને ઇસ્લામી ધર્મ તરફ વાળવા તેવી યુક્તિ ઈરાદાપૂર્વક ગ્રહણ કરેલી હોવી જોઇએ. જે પંથના સ્થાપનાર મૂળ પુરૂષ મુસલમાન સૈયદ હોય અને જેમને અનુયાયીઓ અવતાર તરીકે માનતા હોય, તેમની કબરની પૂજા થતી હોય, જે ધર્મના પુસ્તક તરીકે કુરાન પૂજાતું હોય, જે પંથમાં

Kuran is religious book

This has been done with the intention of converting Hindus to Islam

Undated -After 1932 -Satpanth Ved Dharm Nathi Musalmani Mat Chhe - Arya Samaji Pamphlet [560]

Bhagwan Buddha had made Pandvas kill the holy cow

મુસલમાન ધર્મની ક્રિયા થતી હોય, જે પંથમાં પ્રાયશ્ચિત માટે પાંડવો પાસે બુધ્ધાએ ગોમેધ કરાવ્યાનું માનવામાં આવતું હોય, એ પંથને શુધ્ધ સનાતની હિંદુપંથ તરીકે ગણી શકાય નહિ એ તો ઉઘાડું જ છે. તેવો પંથ વેદ બાહ્ય હોવાનું કહ્યા સિવાય ચાલે તેમ નથી. શૃંગેરી કરવીર પીઠના શ્રીમાન જગતગુરુ શંકરાચાર્યજીએ પણ પીરાણા પંથને વેદ બાહ્ય હોવાનું ઠરાવેલું પણ જણાય છે."

Opinion of Shringeri Shankracharya: "Satpanth is a Non-Vedic religion"

આથી સિધ્ધ થાય છે કે સતપંથ એ મુસલમાની મત છે.

Satpanth is a Muslim Sect

સતપંથના સ્થાપક, પ્રચારકની બધી આગલીપાછલી પેઢીઓ મુસલમાન જ છે. સતપંથની ગાદી પીરાણામાં છે તેની મુલાકાત લેતાં કબરો અને કુરાનની પૂજા થાય છે.

સૈયદ ઈમામુદ્દીન પોતાના ૪ થા પુત્ર નૂરમહમદશાહને પિરાણા સતપંથના પુસ્તકોમાં વિષ્ણુ ભગવાનના અવતાર તરીકે તથા પોતાને ઇમામશાહ–સદ્‌ગોરબ્રહ્મા તરીકે ઓળખાવી ગયા છે. નૂરમહમદને હિંદુઓના વિષ્ણુ અને ઈસ્લામીઓના ઈમામ હજરતઅલીનો અવતાર મનાવ્યો છે. નૂરમહંમદની બીબી બુજરખબેગમને આદ્યશકિતનો અવતાર બનાવી જુદો સતપંથ ઊભો કર્યો છે.

નરમુહંમદની ઘરવાળી... બુજરખ બેગમને આદ્ય શક્તિનો (ઉમિયા માતાજીનું બીજું નામ) અવતાર બતાવેલ છે

ખૂદ ઇમામશાહે રચેલા જીન્નતનામામાં પીર સદરૂદીન વિષે નીચે પ્રમાણે લખ્યું છે.

"હિંદુ ફેરી તેણે મુસલમાન કીધા, અને કીધા તે બહુ અપાર.
તેને મુસલમાન કરી ગુરુએ બોધીયા વિગેરે.
પીર સદરૂદ્દીન જાહેર થયાં હિંદુ કર્યા મુસલમાન.
લોવાણા ફેરી ખોજા કર્યા, તેને આપ્યો સાચો ઈમાન.

૫૧ વર્ષ ઉપર વીરાણી (કચ્છ)ના પટેલ નારાયણજી રામજી કોન્ટ્રાકટરે 'પીરાણા સતપંથની પોલ' નામનું મોટું પુસ્તક લખીને બહાર પાડેલું છે. તેમાં સતપંથનું ભોપાળું બહાર પાડ્યું છે. તે પછી સેંકડો પટેલો, કાછીયાઓ અને બીજાઓ આ પંથને છેવટના રામરામ કરી હિંદુ ધર્મની પાવની ગંગામાં ભળી ગયા છે, જે ભાઈઓ થોડાઘણા

બાકી રહ્યા છે તે પણ તે પંથને છોડી દેવાની તૈયારીમાં છે. રામકૃષ્ણના ભક્તો, ભારતના ભૂમિના નિવાસીઓ, રામાયણ મહાભારત ને ગીતા ગાયત્રી માનનાર ભારતવાસીઓ, સતપંથની ભ્રમજાળમાંથી છૂટી વિદેશીને વિધર્મી મતના ચક્કરની ભ્રમજાળમાં ફસાશો નહિ. સ્વધર્મનું પુણ્ય હાંસલ કરો. ઓમ્ તત્સત્ પરમાત્માને નમઃ ભગવાન સૌને સદ્બુધ્ધિ આપો. સત્યનું ગ્રહણ કરો.

કોઇ પણ જાતની શંકા હોય તો નીચેના સ્થળે સરનામા સાથે લખો.

હિન્દુ ધર્મ રક્ષક–પ્રચારક મંડળ,
આત્મારામ રોડ. કારેલીબાગ,
વડોદરા (ભારત)

